# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17/06/2026** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. **રાજુલામાં સિંહના હુમલામાં યુવાનના મોત બાદ બે સિંહોને રેસ્ક્યુ કરી પાંજરે પૂર્યા.**
2. **મંત્રી ઋષિકેશ પટેલે લોથલમાં તૈયાર થનારા નેશનલ મેરિટાઇમ કોમ્પ્લેક્ષની કામગીરીની સમીક્ષા કરી.**
3. **નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો એ રસાયણ ઉદ્યોગ માટે સ્વૈચ્છિક આચાર સંહિતા જાહેર કરી.**
4. **અમદાવાદ ક્રાઇમ બ્રાંચે "તેરા તુજકો અર્પણ કાર્યક્રમ" અંતર્ગત ગુમ થયેલા 63 લાખની કિંમતના 410 મોબાઇલ શોધીને મૂળ માલિકોને પરત કર્યા.**
5. **RTE હેઠળ ખાલી પડેલી છ હજાર બેઠકો માટે આવતીકાલથી ચોથો રાઉન્ડ.**
6. **ક્રિકેટમાં આજે ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે લખનૌમાં બીજી વનડે, જ્યારે મહિલા ક્રિકેટ વિશ્વકપમાં ભારતનો મુકાબલો નેધરલેન્ડસ સાથે થશે.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

## YOUTH DEATH LION

રાજુલા પંથકમાં સિંહ સાથેની અથડામણમાં એક યુવકનું મોત થયું હતું. વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, મૃત્યુના સમાચાર અત્યંત વ્યથિત કરનારા છે. શ્રી મોઢવાડિયાએ આ અંગે જણાવ્યું કે, ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, સંબંધિત સિંહ પરિવારને તાત્કાલિક રેસ્ક્યુ કરીને સુરક્ષિત રીતે પાંજરે પૂરવામાં આવ્યો છે.

**BYTE- ARJUN MODHWADIA, MINISTER OF FORESTS AND ENVIRONMENT**

વનમંત્રીએ જણાવ્યું હતું કે, માનવજીવનની સુરક્ષા અને વન્યજીવોના સંરક્ષણ વચ્ચે યોગ્ય સંતુલન જળવાઈ રહે તે માટે તમામ જરૂરી નિવારક અને અસરકારક પગલાં લેવામાં આવશે.

## LOTHAL-PRAGATI PATH YATRA

અમદાવાદ જિલ્લામાં પણ 'પ્રગતિ પથ' યાત્રા અંતર્ગત અમદાવાદ જિલ્લાના પ્રભારીમંત્રી ઋષિકેશ પટેલે લોથલ ખાતે નિર્માણાધિન નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પલેક્ષની મુલાકાત લીધી હતી. તેમજ ત્યાં ચાલી રહેલાં વિકાસકાર્યોની સમીક્ષા પણ કરી હતી. વધુમાં મંત્રી ઋષિકેશ પટેલે આ સાઇટની વિશેષતા અને સિદ્ધિઓ વિશેની પણ માહિતી મેળવી હતી.

પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનનાર અને લોથલના ઇતિહાસને પ્રદર્શિત કરનારા નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્ષમાં નિર્માણ પામનાર ફેઝ-1 અને ફેઝ-2 વિશે પણ મંત્રી સહિતના મહાનુભાવોએ વિસ્તૃત જાણકારી મેળવીને સમીક્ષા હાથ ધરી હતી.

## 12 YEARS OF GOVERNMENT

કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 12 વર્ષ પૂર્ણ થવા નિમિતે રાજ્યભરમાં “૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના” અભિયાન હેઠળ વિવિધ કાર્યક્રમો યોજઈ રહ્યા છે. ઊર્જામંત્રી તથા જિલ્લા પ્રભારીમંત્રી ઋષિકેશ પટેલે ધોળકા ખાતે વિકસિત ભારત સંકલ્પ સંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લાં ૧૨ વર્ષનું સફળ શાસન એ વર્ષ ૨૦૪૭ના 'વિકસિત ભારત'ના નિર્માણનો મજબૂત પાયો છે. રાજકોટ જિલ્લામાં ૧૨થી ૨૦ જૂન દરમિયાન વિવિધ તબક્કે ‘જનકલ્યાણ શિબિર’ યોજવામાં આવી રહી છે. જે અંતર્ગત આજે બેડલા, ડુમિયાણી, કમળાપુર, કોલીથડ, પેઢલા, પીપરડી, વેરાવળ, અને ગોંડલ નગરપાલિકા ખાતે શિબિરનું આયોજન કરાયું છે.

રાજકોટમાં પ્રગતિપથ યાત્રા અંતર્ગત પ્રદેશપ્રમુખ જગદીશ વિશ્વકર્માએ મહિલા અને બાળ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. જ્યાં તેમણે  દર્દીઓને મળતી સારવાર, સુવિધાઓની અંગે માહિતી મેળવી હતી.

# NCB

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો **NCB**એ પૂર્વગામી રસાયણોના ડાયર્વઝનને રોકવા માટે ઉદ્યોગ ભાગીદારી પર ભાર મૂક્યો છે. **NCB**ના ડિરેક્ટર જનરલ, અનુરાગ ગર્ગે અમદાવાદમાં આયોજિત એક કોન્ફરન્સમાં રસાયણ ઉદ્યોગ માટે સ્વૈચ્છિક આચાર સંહિતા જાહેર કરી છે.

રાસાયણિક સંચાલનને પ્રોત્સાહન આપવા, સપ્લાય-ચેઇનને મજબૂત બનાવવા અને ગેરકાયદેસર ડ્રગ ઉત્પાદન માટે સંભવિત રીતે ડાયવર્ઝન કરી શકાય તેવા રસાયણો સાથે સંકળાયેલા શંકાસ્પદ વ્યવહારોની વહેલી તપાસ અને રિપોર્ટિંગને પ્રોત્સાહન આપવા માટે આ આચારસંહિતા તૈયાર કરાઇ છે.

# AHMEDABAD TERA TUJKO ARPAN

અમદાવાદ પોલીસ દ્વારા ખોવાયેલો સરસામાન પરત કરવા માટેના તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ખોવાયેલા **410** જેટલા મોબાઇલ મૂળ માલિકને પરત કરાયા હતા. મૂળ માલિકોને પરત કરાયેલા આ મોબાઇલની કિંમત **63** લાખ રૂપિયા થાય છે.

અમદાવાદ ક્રાઇમ બ્રાંચના પીઆઇ ધેનુ ઠક્કરે જણાવ્યું હતું કે, મોબાઇલ પરત મળશે તેવી માલિકોએ આશા છોડી દીધી હતી, પરંતુ પોલીસે આ તમામ મોબાઇલ શોધીને પરત કર્યા છે.

**BYTE- DHENU THAKKAR, PI AHMEDABAD CRIME BRANCH**

# RTE-4 TH ROUND

રાજ્યમાં RTE પ્રવેશ પ્રક્રિયાનો ત્રીજો રાઉન્ડ પૂરો થઈ ગયા બાદ પણ છ હજારથી વધુ બેઠકો ખાલી રહી છે. આવતીકાલે ચોથો અને અંતિમ રાઉન્ડ યોજાશે. ત્રણ રાઉન્ડ બાદ હજી પણ છ હજાર 85 બેઠકો ખાલી છે. વાલીઓ 20મી જૂન સુધી શાળા પસંદગી કરી શકશે અને અગાઉના રાઉન્ડની ફેરબદલ કરી શકશે.

# CABINET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે આજે સાંજે પાંચ વાગે કેબિનેટ બેઠક યોજાશે. શાળા પ્રવેશોત્સવ, કૃષિ મહોત્સવ કાર્યક્રમ પર ચર્ચા, વરસાદ ખેંચાતા રાજ્યમાં સિંચાઈ અને પીવાના પાણીની સમિક્ષા, ખેડૂતોના વીજ પોલ નાંખવાની બાબતે તેમજ કૃષિ વાવેતર, ખાતરની માંગ સહિતની બાબતો પર રાજ્યમંત્રી મંડળની બેઠકમાં ચર્ચા કરાશે, જ્યારે રાજ્ય સરકારના આગામી આયોજનો અને નીતિગત વિષયોની પણ મહત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

………………………………

## GSRTC TICKET

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ – **GSRTC** દ્વારા અમદાવાદ-ધોલેરા અને દિલ્હી મુંબઈ એક્સપ્રેસ વે પર દોડતી પ્રીમિયમ એસી અને વોલ્વો બસના ભાડામાં ઘટાડો કરાયો છે. તેના કારણે લોકો અંગત વાહનોની જગ્યાએ સરકારી બસને પ્રાધાન્ય આપી રહ્યા છે. આ અંગે મુસાફર વિશાલ અગોલાએ પ્રતિક્રિયા આપી.

**BYTE: VISHAL AGOLA, PASSENGER**

## GIR SOMNATH KHEDUT GODOWN

રાજ્યના ખેડૂતો પોતાના અનમોલ ઉત્પાદનને સરળતાથી સાચવી શકે તે માટે કૃષિ વિભાગ દ્વારા 'પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના' હેઠળ ગોડાઉન બનાવી આપવામાં આવે છે. આ યોજના હેઠળના એક લાભાર્થી ખેડૂત વેરાવળ તાલુકાના

બીજ ગામે રહેતા અશ્વિન વાઢેરને પાક સંગ્રહ સ્ટ્રક્ચર બનાવવા માટે મંજૂરી હુકમ આપવામાં આવ્યો હતો. આ સહાયથી તેઓ પોતાના ખેતરમાં પાક સંગ્રહ માટેનું ગોડાઉન બનાવી શકશે. આ અંગે પ્રતિભાવ આપતાં ખેડૂત અશ્વિન વાઢેરે જણાવ્યું હતું કે, હવે હું મારા પાકને બગડતો બચાવી શકીશ.

**BYTE- ASHWIN VADHER, FARMER GIR SOMNATH**

ખેતરમાં બનાવવામાં આવતા બીજ બિયારણના સંગ્રહ માટેના આ ગોડાઉન માટે રાજ્ય સરકાર દ્વારા બે લાખ રૂપિયાની મર્યાદામાં સહાય આપવામાં આવે છે.

## WEATHER

દક્ષિણ ગુજરાતના સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ તેમજ દમણ અને દાદરા-નગર હવેલી વિસ્તારમાં આજે અને આવતીકાલે સામાન્ય વરસાદ વરસી શકે છે. અમદાવાદમાં આગામી દિવસોમાં વાદળછાયું વાતાવરણ રહેવાની સંભાવના છે, જેના કારણે ગરમીમાં આંશિક રાહત મળી શકે છે.

હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી 4 થી 5 દિવસમાં ચોમાસું વધુ આગળ વધશે. જોકે, સમગ્ર ગુજરાતમાં વિધિવત ચોમાસાના આગમન માટે હજુ થોડી રાહ જોવી પડશે તેમ હવામાન વિભાગના વડા એ કે દાસે જણાવ્યું હતું.

# JAMNAGAR RED-FOOTED BOOBY

સમગ્ર ભારતભરમાં જવલ્લેજ જોવા મળતું **RED-FOOTED BOOBY (JUVENILE)** લાલપગવાળો બુબી જામનગરમાં જોવા મળતા પક્ષીપ્રેમીઓમાં આનંદ જોવા મળી રહ્યો છે.

સમગ્ર ભારતમાં જવલ્લેજ જ જોવા મળતું રેડ ફૂટેડ બુબી એટલે કે લાલપગ વાળો પક્ષી જામનગરના સચાણા નજીક અશકત હાલતમાં જોવા મળ્યું હતું. જામનગરના પક્ષીવિદોએ જામનગરના બર્ડમેનથી ઓળખાતા ફિરોઝખાન પઠાણનો સંપર્ક કરી તેમને આ પક્ષીને સારવાર કરવા માટે આપ્યું છે.

# CRICKET

ક્રિકેટમાં, ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ત્રણ મેચની એક દિવસીય શ્રેણીની બીજી મેચ આજે બપોરે 1:30 વાગ્યે લખનૌમાં રમાશે. શુભમન ગિલની આગેવાની હેઠળની ભારતીય ટીમ હાલમાં 1-0 થી આગળ છે.

મહિલા ક્રિકેટમાં, આજે ICC મહિલા T20 વિશ્વ કપમાં ભારતનો મુકાબલો નેધરલેન્ડ્સ સામે થશે. આ મેચ યુકેના લીડ્સમાં ભારતીય સમય મુજબ સાંજે 7:00 વાગ્યે શરૂ થશે.

# SENIOR AQATIC CHAMP - AHMEDABAD

અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ ખાતે રમતગમત રાજ્યમંત્રી ડૉ. જયરામ ગામીતે '79મી સિનિયર રાષ્ટ્રીય તરલ સ્પર્ધા 2026'નો પ્રારંભ કરાવ્યો.

આગામી 21 જૂન સુધી ચાલનારા આ છ દિવસીય સ્પર્ધામાં દેશના 32 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સહિતના કુલ 370 ટોચના તરવૈયાઓ ભાગ લઈ રહ્યા છે, જેમાં પુરુષો અને મહિલાઓની વિવિધ 42 સ્પર્ધા યોજાશે.

---------------------------------------